TETમાંથી કાયમી મુક્તિ અને સેવા સંરક્ષણ માટે પીએમ-શિક્ષણ મંત્રીને રજૂઆત

૨૦૧૦ પહેલા નિયુક્ત શિક્ષકો માટે રાહતની માંગ : ધરણા પ્રદર્શન યથાવત

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

એનસીટીઈ દ્વારા 23 ઓગસ્ટ 2010ના રોજ ટેટને લઘુતમ લાયકાત તરીકે જાહેર કરાયા બાદ, તે પહેલાં નિયુક્ત થયેલા લાખો શિક્ષકોના ભવિષ્યને લઈને ચિંતા વ્યાપી છે. સુપ્રીમ કોર્ટના 29 મે 2026ના ચુકાદાના પરિપ્રેક્ષ્યમાં શિક્ષક મહાસંઘ દ્વારા વડાપ્રધાન અને શિક્ષણ મંત્રીને કાયદાકીય અને નીતિગત સંરક્ષણ માટે રજૂઆત કરવામાં આવી છે.

મહાસંઘનું માનવું છે કે 2010 પહેલાની નિમણૂકો તે સમયના નિયમો મુજબ કાયદેસર હતી, તેથી પાછળથી નક્કી થયેલા ટેટના ધોરણો આ શિક્ષકો પર લાગુ કરવા ન્યાયસંગત નથી. દાયકાઓથી રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપનારા આ શિક્ષકોના અનુભવ અને કાર્યકુશળતાને મહત્વ આપવું જોઈએ, તેમ મહાસંઘે જણાવ્યું હતું. મુખ્ય માંગણીઓમાં 23 ઓગસ્ટ 2010 પહેલાં નિયુક્ત તમામ શિક્ષકોને ટેટ માંથી કાયમી મુક્તિ, તેમની સેવા, વરિષ્ઠતા, બઢતી અને અન્ય લાભોનું સંપૂર્ણ સંરક્ષણ, તેમજ સંસદમાં કાયદાકીય સુધારા દ્વારા કાયમી રાહતનો સમાવેશ થાય છે. મહાસંઘે તમામ રાજ્યોને સ્પષ્ટ માર્ગદર્શિકા જારી કરી શિક્ષકોમાં વ્યાપેલી ગૂંચવણ દૂર કરવા પણ વિનંતી કરી છે. ભારતીય કાનૂની સિદ્ધાંત મુજબ કોઈપણ નિયમ તેની અમલની તારીખથી જ અસરકારક બને છે, તેથી પૂર્વલક્ષી અસરથી પાત્રતા લાગુ કરવી કુદરતી ન્યાય અને કાનૂની નિશ્ચિતતાના સિદ્ધાંતો વિરુદ્ધ છે એવી રજૂઆત કરવામાં આવી છે.

કોયલી તળાવમાંથી મૃતદેહ મળતા પોલીસ દોડતી થઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરના કોયલી વિસ્તારમાં આવેલા તળાવમાંથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. તળાવમાં મૃતદેહ હોવાની જાણ સ્થાનિક લોકોને થતાં મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને તળાવમાંથી બહાર કાઢવાની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તબક્કે મૃતકની ઓળખ થઈ શકી નથી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો છે. મોતનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. મૃતક કોણ છે અને તે તળાવ સુધી કેવી રીતે પહોંચ્યો તે સહિતના તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

યુવકને છાતીના ભાગે માર વાગતા સયાજીમાં સારવાર અર્થે ખસેડાયો

વારસિયામાં સામાન્ય બોલાચાલી બાદ યુવક પર ચપ્પુથી જીવલેણ હુમલો કરાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૮

વડોદરાના વારસિયા વિસ્તારમાં મોડી રાત્રે સામાન્ય બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતાં એક યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ત્રણ શખ્સોએ મળીને યુવકને માર માર્યો હતો, જેમાં ચપ્પુના ઘા લાગતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. હાલ ઈજાગ્રસ્ત યુવક એસ.એસ.જી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યારે વારસિયા પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી પારસ સોસાયટીમાં રહેતા અને છૂટક મજૂરી કામ કરતા રોહિત રામઅવતાર શર્મા ગત રાત્રે પોતાના મિત્ર હેરી ઉર્ફે હિમાંશુના ઘરે ગયા હતા. રાત્રે આશરે સાડા બારેક વાગ્યે બંને મિત્રો જમવા માટે નીકળ્યા હતા.

રોહિત પોતાની જ્યુપીટર મોપેડ પર જ્યારે હેરી પોતાની કારમાં હતા. તેઓ હરી સેવા સ્કૂલ નજીક પહોંચ્યા ત્યારે પાછળથી યશ ચાવલા પોતાની સફેદ કાર લઈને આવ્યો હતો અને બંનેને રસ્તામાં રોક્યા હતા. ત્યાં યશ ચાવલા અને હેરી વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી શરૂ થઈ હતી. થોડા સમય બાદ હેરી ત્યાંથી પોતાના ઘરે જતો રહ્યો હતો, પરંતુ યશ ચાવલાએ રોહિતને રોકી રાખ્યો હતો. આરોપ છે કે યશ ચાવલાએ રોહિતને પકડી રાખીને ગાળાગાળી શરૂ કરી હતી. દરમિયાન તેની સાથે રહેલા રોહિત મારવાડીએ ચપ્પુ કાઢી રોહિત શર્મા પર હુમલો કર્યો હતો. હુમલામાં રોહિતના ડાબા હાથ, છાતી તેમજ જમણા હાથના કાંડા પર ચપ્પુના ઘા વાગ્યા હતા. જ્યારે ત્રીજા આરોપી રણજીત રાજપૂતે પણ છૂટા હાથે મારપીટ કરી હતી. હુમલા બાદ ત્રણેય આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલો રોહિત શર્મા કોઈ રીતે પોતાના મિત્ર હેરીના ઘરે પહોંચ્યો હતો. ઘટનાની જાણ થતાં હેરીએ તરત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી, જેના પગલે રોહિતને સારવાર માટે એસ.એસ.જી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. વારસિયા પોલીસે યશ ચાવલા, રોહિત મારવાડી અને રણજીત રાજપૂત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રૂ.૭ કરોડની વિવાદિત જમીન સરકાર હસ્તક થવાનો માર્ગ મોકળો

ખાતેદારીના પુરાવા રજૂ કરવામાં નિષ્ફળતા, કોયલી-બાજવાની 4 વીઘા જમીન અંગે મામલતદાર કૃષિ પંચનો મહત્વનો ચુકાદો

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વડોદરા જિલ્લાના કોયલી અને બાજવા વિસ્તારમાં આવેલી અંદાજે રૂ.7 કરોડની કિંમતની 4 વીઘા વિવાદિત જમીનને લઈને મામલતદાર કૃષિ પંચ (ગ્રામ્ય) દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જમીન પર માલિકીનો દાવો કરનાર પક્ષ પૂરતા અને કાયદેસર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહેતા સંબંધિત જમીન સરકાર હસ્તક કરવાની કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવ્યો છે.

અરજદાર પક્ષના વકીલ રસિક ભીમડાના જણાવ્યા મુજબ, વર્ષ 1979 દરમિયાન કેટલાક લોકોએ ખોટા દસ્તાવેજોના આધારે ખેડૂતોની જમીનો પોતાના નામે કરાવી લીધી હતી. ત્યારબાદ ગુજરાત રિફાઈનરી માટે સંપાદિત થયેલી જમીનનું વળતર પણ મેળવી લેવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું હતું. વર્ષ 1987 અને 1996 દરમિયાન અન્ય જમીનો અંગે પણ સમાન પ્રકારની ગેરરીતિ થયાના આક્ષેપો સામે આવ્યા હતા.

મામલો સિવિલ કોર્ટ સુધી પહોંચ્યા બાદ જૂના રેકોર્ડ અને દસ્તાવેજોની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન દાવો કરનારાઓનો જમીન પર કોઈ કાયદેસર હક કે વાસ્તવિક માલિકી હોવાનું સાબિત થઈ શક્યું નહોતું. મામલતદાર કૃષિ પંચે નોંધ્યું હતું કે વર્ષ 1987 અને 1996માં જમીન ખરીદનારાઓ વર્ષ 1951થી ખાતેદાર હોવાના વિશ્વસનીય પુરાવા રજૂ કરી શક્યા નથી. ચુકાદા મુજબ કોયલી અને બાજવાના તલાટીઓને જમીન સરકાર હસ્તક કરવાની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. સામા પક્ષને અપીલ માટે 60 દિવસનો સમય આપવામાં આવ્યો છે. જો આ સમયગાળામાં અપીલ નહીં થાય તો જમીન સંપૂર્ણપણે સરકાર હસ્તક લેવામાં આવશે.

ગુજરાતી દીકરીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ચમકાવી પ્રતિભા, નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમવાની વ્યક્ત કરી ઇચ્છા

નેન્સી પટેલ ન્યુઝીલેન્ડ માટે રમનાર પ્રથમ ભારતીય મૂળની મહિલા ક્રિકેટર બની

(પ્રતિનિધિ) વડોદરા તા.18

કરજણ તાલુકાના નાનકડા કરમાડી ગામે જન્મેલી 24 વર્ષીય નેન્સી પટેલે ન્યુઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમ તરફથી આંતરરાષ્ટ્રીય કેપ મેળવી ઈતિહાસ રચ્યો છે. તેઓ ન્યુઝીલેન્ડ માટે રમનાર પ્રથમ ભારતીય મૂળની મહિલા ક્રિકેટર બનતા ગુજરાત અને ભારતનું ગૌરવ વધાર્યું છે.

નેન્સી માત્ર છ વર્ષની ઉંમરે પરિવાર સાથે ન્યુઝીલેન્ડ સ્થાયી થઈ હતી. જોકે, ક્રિકેટ સાથેનો તેમનો સંબંધ બાળપણથી જ રહ્યો હતો. કરમાડી ગામમાં મિત્રો સાથે ક્રિકેટ રમતાં રમતાં શરૂ થયેલી સફરને ન્યુઝીલેન્ડની તૌરંગા પ્રાથમિક શાળામાં નવી દિશા મળી. શિક્ષિકા મેકડોનાલ્ડે તેમને શાળાની ક્રિકેટ ટીમમાં સ્થાન આપતાં તેમની કારકિર્દીની ઔપચારિક શરૂઆત થઈ હતી.

પૌત્રીની સિદ્ધિથી કરમાડીમાં ખુશીની લાગણી

કરમાડી ગામના 72 વર્ષીય ઠાકોરભાઈ પટેલે જણાવ્યું હતું કે નેન્સી જ્યારે ચોથા ધોરણમાં હતી ત્યારે પરિવાર સાથે ન્યુઝીલેન્ડ ગઈ હતી. આજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સ્થાન મેળવી તેણે માત્ર પરિવાર જ નહીં, પરંતુ સમગ્ર કરમાડી અને આસપાસના વિસ્તારનું નામ રોશન કર્યું છે. ટીવી પર તેને રમતી જોતા ગર્વની લાગણી થાય છે. ગામજનો પણ તેની સિદ્ધિને વધાવી રહ્યા છે અને તેને વિસ્તારની દીકરી તરીકે સન્માન આપી રહ્યા છે.

નેન્સીના પિતા હિતેશભાઈ અને કાકા પિનાકીનભાઈએ તેમના ક્રિકેટપ્રેમને સતત પ્રોત્સાહન આપ્યું હતું. નેન્સી કહે છે કે તેમના પિતા જ તેમના પ્રથમ કોચ હતા અને સ્થાનિક નેટ્સમાં કલાકો સુધી પ્રેક્ટિસ કરાવવામાં તેમનો મહત્વનો ફાળો રહ્યો હતો.

તાજેતરમાં સેડન પાર્ક ખાતે વ્હાઈટ ફર્ન્સની કેપ પ્રાપ્ત કરતી વખતે નેન્સી ભાવુક બની ગઈ હતી. તેમણે જણાવ્યું હતું કે આ ક્ષણનું સ્વપ્ન તેમણે બાળપણથી જોયું હતું. ન્યુઝીલેન્ડે ઝિમ્બાબ્વે સામે T-20 શ્રેણી 3-0 અને વન-ડે શ્રેણી 2-0થી જીતી હતી, જેમાં નેન્સીએ ઓફ-સ્પિનર તરીકે T-20માં પાંચ અને વન-ડેમાં એક વિકેટ ઝડપી પોતાની પ્રતિભા સાબિત કરી હતી.

ભારત પ્રત્યેનો લગાવ વ્યક્ત કરતાં નેન્સીએ જણાવ્યું હતું કે તેમને નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમવાની ઇચ્છા છે. ભારતમાં તેમનો સમગ્ર પરિવાર હાજર રહેશે અને ગુજરાતી હોવાને કારણે તેમને તે હોમ ગ્રાઉન્ડ જેવું અનુભવાશે. આધ્યાત્મિક મૂલ્યોમાં વિશ્વાસ ધરાવતી નેન્સી હાલમાં પોતાના માતા-પિતાના વ્યવસાય સાથે સંકળાયેલી છે તેમજ સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનિંગ કોચ તરીકે પણ કાર્યરત છે.

વિરાટ કોહલી અને મેલી કેરથી પ્રેરિત નેન્સી પટેલ હવે વ્હાઈટ ફર્ન્સમાં પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવવા માટે પ્રયત્નશીલ છે અને યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની છે.

NEET માટે પ. રેલવે દોડાવશે ૫ જોડી સ્પેશિયલ ટ્રેન : ૧૯ થી બુકિંગ

તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા NEET-2026માં સામેલ થનારા ઉમેદવારોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ભાડા પર પાંચ જોડી સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે. મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકે જણાવ્યું હતું કે પરીક્ષાર્થીઓની વધારાની ભીડને ધ્યાને લઈ આ ટ્રેનો ચલાવાશે.

ટ્રેન નં. 09351/09352 બાંદ્રા ટર્મિનસ - ડો. આંબેડકર નગર સ્પેશિયલ 20 જૂને બાંદ્રાથી સાંજે 6:20 કલાકે ઉપડશે. વાપી, વલસાડ, સુરત, ભરૂચ, ગોધરા, રતલામ, ઉજ્જૈન, ઈન્દોર સહિતના સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નં. 09471/09472 બાંદ્રા ટર્મિનસ - મણિનગર સ્પેશિયલ 20 જૂને બાંદ્રાથી રાત્રે 9:15 કલાકે ઉપડશે. વાપી, સુરત, ભરૂચ, આણંદ સ્ટેશને રોકાશે. ટ્રેન નં. 09554/09553 ઓખા - ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ 20 જૂને ઓખાથી સવારે 5:00 કલાકે ઉપડશે. જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ થઈ જશે. ટ્રેન નં. 09254/09253 ભાવનગર - ગાંધીગ્રામ સ્પેશિયલ 20 જૂને ભાવનગરથી સવારે 11:40 કલાકે ઉપડશે. બોટાદ, ધંધુકા, સાણંદ થઈ ગાંધીગ્રામ પહોંચશે. ટ્રેન નં. 09354/09353 ઈન્દોર - ભોપાલ - રતલામ સ્પેશિયલ 20 જૂને ઈન્દોરથી સવારે 11:25 કલાકે ઉપડી ભોપાલ જશે, અને ત્યાંથી રાત્રે 7:40 કલાકે રતલામ જવા રવાના થશે. આ તમામ ટ્રેનોમાં સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ રહેશે. ટ્રેન નં. 09351, 09352, 09471, 09472, 09554, 09553, 09254, 09253 અને 09354નું બુકિંગ 19 જૂન 2026થી તમામ પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે.

મારપીટ સ્ત્રીધન હડપ કર્યાનો વાઘોડિયા રોડનો પરીણીતાનો આક્ષેપ

'૧૦ લાખ લાવ નહીં તો ઘર છોડીને નીકળી જા' તેવી શિક્ષિકાને સાસરીયાની ધમકી

પોલીસે પતિ-સાસુ-નણંદ સામે દહેજ અને ત્રાસનો ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા શહેરમાં એક પ્રાથમિક શિક્ષિકાએ પ્રેમલગ્ન કર્યા હતા. વગ્નના વર્ષો સુધી સંસાર ચલાવ્યા છતાં સાસરી પક્ષે સતત દહેજની માંગણી કરી, માનસિક અને શારીરિક ત્રાસ આપવાનુ શરૂ કર્યુ હતુ. ઉપરાંત પરિણીતાને 10 લાખ રૂપિયા લાવી નહીં તો ઘર છોડીને નીકળી જા" કહી ધમકાવતા હતા. એટલું જ નહીં, સ્ત્રીધન અને દાગીના પરત ન આપવાના તથા મારી નાખવાની ધમકીઓ આપ્યાના આક્ષેપો સાથે ફરિયાદમાં નોધાવી છે.

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર રહેતી એક પ્રાથમિક શિક્ષિકા કુંજલત્તાબેન પરમારે નોધાવેલી ફરીયાદ મુજબ વર્ષ 2011માં પ્રેમસંબંધ બાદ વિપુલકુમાર પરમાર સાથે કોર્ટ મેરેજ તેમજ ધાર્મિક વિધિથી લગ્ન કર્યા હતા. લગ્નજીવન દરમિયાન તેમને એક પુત્રનો જન્મ થયો હતો. શરૂઆતમાં પારિવારિક સંબંધો સામાન્ય રહ્યા હતા, પરંતુ સમય જતાં સાસુ અને નણંદ નાની-નાની બાબતોમાં ઝઘડા કરી માનસિક ત્રાસ આપતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

મહિલાના જણાવ્યા મુજબ દંપતીએ વડોદરામાં સંયુક્ત નામે મકાન ખરીદ્યું હતું, જેમાં તેમણે પોતાની બચત તથા પિતાની મદદથી આશરે 10 લાખ રૂપિયાથી વધુનું યોગદાન આપ્યું હતું. તેમ છતાં પતિ વારંવાર છૂટાછેડા લેવા દબાણ કરતા હતા અને ઘરખર્ચ તેમજ દાગીના બાબતે પણ ઉદાસીનતા દાખવતા હતા.

સાસુએ મહિલાને ઘરમાં રહેવું હોય તો 10 લાખ રૂપિયા દહેજ તરીકે લાવવાની માંગણી કરી હતી. ત્યારબાદ પતિ અલગ રહેવા લાગ્યા હતા અને છૂટાછેડાની નોટિસ પણ મોકલી હતી. મહિલા જ્યારે પોતાના હક્કના મકાનમાં રહેવા પહોંચી ત્યારે પતિએ મારપીટ કરી અપમાનિત કર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

નણંદે મોબાઈલ ફોન પર "ચોટલો પકડીને ઘરમાંથી કાઢી મૂકીશ અને જીવતી નહીં છોડું" જેવી ધમકીઓ આપી હતી. મહિલાનો આરોપ છે કે પતિ, સાસુ અને નણંદે મળીને દહેજની માંગણી કરી, સોનાચાંદીના દાગીના તથા અન્ય સ્ત્રીધન પરત આપ્યું નથી અને સતત માનસિક તેમજ શારીરિક ત્રાસ આપ્યો છે. જેથી

પોલીસે પતિ, સાસુ અને નણંદ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સંબંધિત કલમો તેમજ દહેજ પ્રતિબંધક કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણો દૂર કરાયા

લારી-ગલ્લાના શેડ તોડી પડાયા, ભંગાર વાહનો અને સામાન જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૮

વડોદરા શહેરને દબાણમુક્ત અને ટ્રાફિકમુક્ત બનાવવાના હેતુથી વડોદરા મહાનગરપાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા આજે એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તારીખ ૧૮ જૂન ૨૦૨૬ના રોજ પાલિકાની ટીમોએ શહેરના અલગ-અલગ વોર્ડ વિસ્તારોમાં અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ સામે કડક ઝુંબેશ ચલાવી રસ્તાઓ ખુલ્લા કરાવ્યા હતા. આ કામગીરી દરમિયાન પાલિકાએ ગેરકાયદેસર શેડ તોડી પાડ્યા હતા અને રસ્તા પર નડતરરૂપ વાહનો તેમજ સામાન પણ જપ્ત કર્યો હતો.

મહાનગરપાલિકાની દબાણ શાખાની ટીમે વોર્ડ નંબર ૧૩માં સમાવિષ્ટ જયરત્ન બિલ્ડીંગથી લઈને માર્કેટ ચાર રસ્તા સુધીના સમગ્ર માર્ગ પરથી દબાણો દૂર કર્યા હતા. આ ઉપરાંત, વોર્ડ નંબર ૧૮ની ટીમને સાથે રાખીને જુપીટર સર્કલથી વડસર બ્રિજ સુધીના રોડ પર ઓપરેશન હાથ ધરાયું હતું, જ્યાં રસ્તા પર ઊભા કરી દેવાયેલા ગેરકાયદેસર શેડ તથા અન્ય પાકા-કાચા દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન જી.આઈ.ડી.સી. મકરપુરા વિસ્તારમાંથી રસ્તા પર બિનવારસી હાલતમાં પડી રહેલી ૧ ભંગાર ફોરવ્હીલર ગાડી પણ પાલિકા દ્વારા જપ્ત કરી લેવામાં આવી હતી.

પાલિકાની ટીમે વોર્ડ નંબર ૦૩ હેઠળ આવતા મહત્વના શૈક્ષણિક અને જાહેર વિસ્તારો જેવા કે કમાટીબાગ, ફતેગંજ બ્રીજ, બાહુબલી સર્કલ, દરબાર ચોકડી અને અરવિંદબાગ પાસે પણ સપાટો બોલાવ્યો હતો. સયાજીગંજ રેલ્વે સ્ટેશનથી લઈને નટરાજ ટોકીઝ સુધીના માર્ગ પર તેમજ એમ. એસ. યુનિવર્સિટીની બહારના ભાગેથી તમામ ગેરકાયદેસર દબાણો હટાવી દેવાયા હતા.

અટલાદરામાં આજે જિલ્લા કક્ષાની પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત વડોદરા જિલ્લા કક્ષાની પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા આજે તા. 19 જૂન, 2026ના રોજ સવારે 10 વાગ્યે અટલાદરા સ્થિત બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે યોજાશે. વડાપ્રધાનશ્રીના 12 વર્ષના સફળ કાર્યકાળની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યશાળાના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત પ્રમુખ જ્યોત્સનાબેન રબારી રહેશે, જ્યારે મુખ્ય મહેમાન તરીકે સાંસદ ડૉ. હેમાંગ જોષી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદાર, ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા, કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ, પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા તેમજ વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહિતના મહાનુભાવો હાજર રહેશે. પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા અને ખેડૂતોમાં જાગૃતિ લાવવાના હેતુથી યોજાનારી આ કાર્યશાળામાં મોટી સંખ્યામાં ખેડૂતો અને નાગરિકો જોડાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

વડોદરામાં ૨૬થી ૨૮ જૂન દરમિયાન ઓપન મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) દ્વારા જિલ્લાની બીજી ઓપન વડોદરા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ તા. 26થી 28 જૂન, 2026 દરમિયાન TTAB-MSU સેન્ટર, યુનિયન પેવિલિયન, એમ.એસ. યુનિવર્સિટી, ફતેહગંજ ખાતે યોજાશે. ટુર્નામેન્ટ એર-કન્ડિશન્ડ હોલમાં આંતરરાષ્ટ્રીય ધોરણની 6 સ્ટેગ ટેબલો, સિન્થેટિક ફ્લોરિંગ અને આધુનિક લાઈટિંગ સુવિધા સાથે રમાશે.

સ્પર્ધામાં હોપ્સ, કેડેટ, સબ-જુનિયર, જુનિયર, યુથ, મેન્સ અને વુમન્સ સિંગલ્સ સહિત વેટરન્સની ચાર કેટેગરીનો સમાવેશ થશે. ઉપરાંત જમ્બલ ડબલ્સ, મેન્સ ડબલ્સ અને મિક્સ્ડ ડબલ્સ એમ કુલ 19 ઈવેન્ટ્સ યોજાશે.

यूको बैंक UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust

રાવપુરા શાખા : દુલેરામ પેડા વાલા કોઠી રોડ પાસે, વડોદરા.

પઝેશન નોટિસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **યુકો બેંક, રાવપુરા શાખા, વડોદરા**ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨)ની સત્તા સાથેસિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સહિત અંતર્ગત **તા. ૧૬.૦૪.૨૦૨૬**ના રોજ **શ્રી પ્રતિક ભટ્ટ (અરજદાર)** અને **શ્રીમતી મનીષાબેન રાજુભાઈ તડવી (સહ-અરજદાર)** ને ડીમાન્ડ નોટીસ જારી કરીને **રૂા. ૧૫,૨૧,૯૩૬.૧૯/- (રૂા. પંદર લાખ એકવીસ હજાર નવસો છત્રીસ અને ઓગણીસ પૈસા પુરા)** (તા. ૩૦.૦૩.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૩૧.૦૩.૨૦૨૬ થી ચડત વ્યાજ અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાઓને ઉપરોક્ત સંપૂર્ણ રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તાઓ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ની કલમ ૧૩ ની પેટા કલમ (૪)ના ઉક્ત નિયમો હેઠળના નિયમ ૮ અંતર્ગત મળેલ સત્તાની રૂએ નીચે સહી કરનારે **તા. ૧૮.૦૬.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **સાંકેતિક કબજો** લઈ લીધો છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **યુકો બેંક, રાવપુરા શાખાની રકમ રૂા. ૧૫,૨૧,૯૩૬.૧૯/- (રૂા. પંદર લાખ એકવીસ હજાર નવસો છત્રીસ અને ઓગણીસ પૈસા પુરા)** (તા. ૩૦.૦૩.૨૦૨૬ ના રોજ થી મુદ્દલ ચડત વ્યાજનું પ્રતિનિધિત્વ કરે છે.) તા. ૩૧.૦૩.૨૦૨૬ ચડત વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથેના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં ઉધારકર્તાઓનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેક્સન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

જે રહેઠાણ લાયક મિલકતનો પ્લોટ નં. ૧૩૭૨, વૈકુંઠ, સવીતા હોસ્પિટલની પાસે, આજવા રોડ, આર.એસ. નં. ૭૮૬ થી ૭૯૦, ૭૯૨, ૭૯૪, ૭૯૬, ૭૯૮, મોજે ગામ બાપોદ, વડોદરા-૩૯૦૦૨૫ ખાતે આવેલ સ્થાવર મિલકત. પ્લોટનો ક્ષેત્રફળ ૪૭.૨૧ સ્કે. મીટર અવિભાજીત ભાગની જમીન અને કોમન પ્લોટ અને રોડ ૧૬.૪૮ સ્કે.મીટર પૈકી, બાંધકામ સાથે, ક્ષેત્રફળ ૨૪.૬૩ સ્કે.મીટર, કુલ ક્ષેત્રફળ ૬૩.૬૯ સ્કે.મીટર.

ચતુરસીમા : ● પૂર્વે : પ્લોટ નં. ૧૩૭૩ ● ઉત્તરે : સોસાયટી ઈન્ટરનલ રોડ
● પશ્ચિમે : પ્લોટ નં. ૧૪૦૮ ● દક્ષિણે : રેવન્યુ સર્વે નં. ૭૯૧

તારીખ : ૧૮.૦૬.૨૦૨૬ સહી/- અધિકૃત અધિકારી,
સ્થળ : વડોદરા (વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.) યુકો બેંક

તરસાલી ખાતે રોજગાર અને એપ્રેન્ટીશ ભરતી મેળો યોજાયો: ૪૯ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી અને મોડેલ કરિયર સેન્ટર, વડોદરાના સંયુક્ત ઉપક્રમે આજે તરસાલી આઈ.ટી.આઈ. કેમ્પસ સ્થિત રોજગાર કચેરી ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા જિલ્લાની ઉત્પાદન અને સેવા ક્ષેત્રની ૬ અગ્રણી કંપનીઓ દ્વારા વિવિધ ૧૬૮ જગ્યાઓ માટે આ મેળામાં આઈ.ટી.આઈ, ડિપ્લોમા, ધોરણ ૧૦-૧૨ પાસ અને સ્નાતક લાયકાત ધરાવતા ૧૪૫ યુવક-યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પ્રક્રિયાના અંતે ૪૯ લાયક ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરી માસિક રૂ. ૧૪,૫૦૦/- થી રૂ. ૨૦,૦૦૦/- સુધીના પગાર ધોરણની ઓફર આપવામાં આવી હતી.

રોજગાર કચેરીના મદદનીશ નિયામક અલ્પેશ ચૌહાણ અને કાઉન્સેલર દ્વારા ઉપસ્થિત ઉમેદવારોને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવામાં

આવ્યું હતું. તેમણે યુવાનોને વિકસિત ભારતના નિર્માણમાં દેશના જીડીપી માં યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા. આ સાથે જ, સમાજના દિવ્યાંગજનો, એલ.જી.બી.ટી.ક્યુ સમુદાય, ભૂતપૂર્વ સૈનિકો, વીર નારીઓ, ગંગાસ્વરૂપ બહેનો અને મુક્ત થયેલા કેદીઓ પ્રત્યે સકારાત્મક વલણ દાખવી રોજગારીની સમાન તકો પૂરી પાડવા ભાર મૂક્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન ઉમેદવારોને વિદેશ રોજગાર, સેફ લીગલ માઈગ્રેશન, પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના, પીએમ ઈન્ટર્નશીપ યોજના અને વિવિધ સરકારી સ્વરોજગાર લક્ષી લોન સહાય યોજનાઓની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આજે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો: ૩૦થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ

યુ.ઈ.બી. કચેરી ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.18

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુ.ઈ.બી.), વડોદરા દ્વારા તા. ૧૯/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કમાટીબાગ સામે, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં આવેલી યુ.ઈ.બી. કચેરી ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં સેલ્સ એક્ઝિક્યુટિવ, પર્ચેઝ એન્જિનિયર, કોસ્ટિંગ એન્જિનિયર, પ્રોડક્શન સુપરવાઈઝર, મિકેનિકલ ડિઝાઈન એન્જિનિયર અને ટ્રેઈની સહિતની ૩૦થી વધુ જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારોના પ્રત્યક્ષ ઈન્ટરવ્યુ લેવામાં આવશે.

આ ભરતીમેળામાં બી. ઈ. (મિકેનિકલ/ઈલેક્ટ્રિકલ), એમ. એસસી. (કેમિસ્ટ્રી), બી. ફાર્મ અને એમ. ફાર્મની શૈક્ષણિક લાયકાત ધરાવતા, ૩૫ વર્ષ સુધીની વય મર્યાદાના અનુભવી તેમજ બિન-અનુભવી મહિલા અને પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. આ ઉપરાંત, ઉપસ્થિત ઉમેદવારોને વિદેશમાં શિક્ષણ અને રોજગારીની તકો, સેફ લીગલ માઈગ્રેશન, પીએમ ઈન્ટર્નશિપ યોજના, સ્વરોજગાર લોન-સહાય યોજનાઓ, સ્ટાર્ટ-અપ, સ્ટેન્ડ-અપ યોજનાઓ તેમજ વોકેશનલ તાલીમ અને એન્ટરપ્રેન્યોર ડેવલપમેન્ટ અંગે નિઃશુલ્ક માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ડિજિટલ રોજગારી માધ્યમો જેવા કે 'અનુબંધમ' અને 'એન.સી.એસ.' પોર્ટલના ઉપયોગ અંગે પણ અધિકારીઓ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

રસ ધરાવતા અને યોગ્ય લાયકાત ધરાવતા તમામ રોજગારવાંચ્છુ ઉમેદવારોએ પોતાના બાયોડેટા (રિઝ્યુમ)ની ૩ નકલો સાથે નિયત સમયે સ્વખર્ચે ઉપસ્થિત રહેવા યુ.ઈ.બી.ના નાયબ વડા અલ્પેશ એલ. ચૌહાણ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

દાહોદમાં વડાપ્રધાન નેતૃત્ત્વના ૧૨ વર્ષની ઉજવણી કરાઈ

દાહોદ : પ્રધાનમંત્રી સૂર્ય ઘરઃ મફત વીજળી યોજના હેઠળ ઘરઆંગણે સોલાર રૂફટોપ સ્થાપિત કરી દર મહિને 300 યુનિટ સુધી વીજળીનો લાભ મેળવી શકાય છે. કેન્દ્ર સરકાર 1 થી 3 કિલોવોટ ક્ષમતા માટે રૂ.30 હજારથી રૂ.78 હજાર સુધીની સબસિડી આપે છે. યોજના વીજળી ખર્ચ ઘટાડવા સાથે હરિત ઊર્જાને પણ પ્રોત્સાહન આપે છે.

નંબરઃ A-14011/01/2026-CPW
ભારત સરકાર
પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (CP વિભાગ)
***

વિષયઃ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં સભ્ય સચિવની જગ્યા માટે પસંદગી

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા, કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં પે મેટ્રિક્સના લેવલ-13Aમાં ડેપ્યુટેશનના આધારે (ટૂંકા ગાળાના કરાર સહિત) સભ્ય સચિવની જગ્યા માટે પસંદગી અને નિમણૂક માટે લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

2. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, એ જળ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1974 (1974નો 6) હેઠળ સ્થપાયેલી એક સ્વાયત્ત સંસ્થા છે. વિગતવાર જાહેરાત મંત્રાલયની વેબસાઈટ https://moef.gov.in પર ઉપલબ્ધ છે.

ભારત સરકારના સંયુક્ત સચિવ
Cbc 13101/11/0010/2627